adani

16th July, 2018

**BSE Limited**
P J Towers,
Dalal Street,
Mumbai – 400001

**Scrip Code: 539254**

**National Stock Exchange of India Limited**
Exchange plaza,
Bandra-Kurla Complex,
Bandra (E),
Mumbai – 400051

**Scrip Code: ADANITRANS**

Dear Sir,

**Sub: Intimation under Regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015.**

Dear Sir,

Pursuant to Regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, we enclose herewith copies of Notice published in The Indian Express and Financial Express of Monday, 16th July, 2018 regarding Annual General Meeting, Book Closure and instructions for e-voting.

Kindly take the same on your record.

Thanking you.

Yours faithfully,
For **Adani Transmission Limited**

**Jaladhi Shukla**
**Company Secretary**

ADANI TRANSMISSION LTD. AHMEDABAD

Encl: a/a

Adani Transmission Ltd
Sambhaav House
Judges Bungalow Road, Bodakdev
Ahmedabad 380 015
Gujarat, India
CIN: L40300GJ2013PLC077803

Tel +91 79 2555 6900
Fax +91 79 2555 7155
info@adani.com
www.adani.com

Registered Office: Adani House, Nr Mithakhali Six Roads, Navrangpura, Ahmedabad 380 009, Gujarat, India

adani

# અદાણી ટ્રાન્સમિશન લિમિટેડ

## ૫મી વાર્ષિક સાધારણ સભાની નોટીસ

આથી નોટીસ આપવામાં આવે છે કે, અદાણી ટ્રાન્સમિશન લિમિટેડના સભ્યોની ૫મી વાર્ષિક સાધારણ સભા (એજીએમ) મંગળવાર, ૭મી ઓગસ્ટ, ૨૦૧૮ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે જે. બી. ઓડિટોરિયમ, અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન, એએમએ કોમ્પ્લેક્સ, અટિરા, ડો. વિક્રમ સારાભાઈ માર્ગ, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતે મળશે, જેમાં એજીએમ નોટીસ તારીખ ૧૦મી મે, ૨૦૧૮ માં દર્શાવવામાં આવ્યા મુજબનાં સામાન્ય તથા વિશેષ બિઝનેસ હાથ ધરાશે. એજીએમની નોટીસ, વાર્ષિક અહેવાલ તથા હાજરીની સ્લિપ જે સભ્યોના ઈ-મેઈલ આઈડી કંપની/ડીપોઝીટરી પાર્ટીસિપન્ટ સમક્ષ નોંધાયેલા છે, તેમને ઈલેક્ટ્રોનિક મોડથી અને તે સિવાયના સભ્યોને ફિઝિકલી નિયમાનુસાર પરવાનગી મુજબના મોડથી મોકલી આપવામાં આવ્યા છે. ઉપરોક્ત ડોક્યુમેન્ટ્સ કંપનીની વેબસાઈટ - www.adanitransmission.com ઉપર પણ ઉપલબ્ધ છે.

કંપની ધારા, ૨૦૧૩ની કલમ ૯૧ હેઠળની જોગવાઈઓ તેમજ તે મુજબ ઘડાયેલા નિયમો અન્વયે આથી એ બાબતે પણ નોટીસ આપવામાં આવે છે કે, કંપનીના સભ્યોનું રજીસ્ટર તથા શેર ટ્રાન્સફર બુક્સ મંગળવાર, ૩૧મી જુલાઇ, ૨૦૧૮ થી મંગળવાર, ૭મી ઓગસ્ટ, ૨૦૧૮ સુધી (બન્ને દિવસો સહિત) એજીએમના હેતુસર બંધ રહેશે.

કંપનીઝ એક્ટની કલમ ૧૦૮ની જોગવાઈઓ તથા સુધારા સહિતના કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) રૂલ્સ, ૨૦૧૪નાં નિયમ ૨૦ તેમજ સીક્યુરીટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાના (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રીક્વાયરમેન્ટ્સ) નિયમો, ૨૦૧૫ના નિયમન ૪૪ અન્વયે, એજીએમની નોટીસમાં વર્ણવવામાં આવેલા તમામ ઠરાવો ઉપર સભ્યોને તેમનો મત ઈલેક્ટ્રોનિકલી આપવા માટે ઈ-વોટીંગની સુવિધા સેન્ટ્રલ ડીપોઝીટરી સર્વિસીઝ (ઈન્ડિયા) લિમિટેડ (સીડીએસએલ) મારફતે પુરી પાડવામાં આવી છે. મતના અધિકારો સભ્યો પાસે ૩૧મી જુલાઇ, ૨૦૧૮ના રોજની સ્થિતિ મુજબ રહેલા શેર્સની સંખ્યાના આધારે પ્રમાણસર ગણાશે, એ તારીખ કટ-ઓફ તારીખ છે. સભાની નોટીસ મોકલી અપાયા પછી કોઈ વ્યક્તિ કંપનીની સભ્ય બની હોય તો અને તેઓ કટ-ઓફ તારીખે, એટલે કે ૩૧મી જુલાઇ, ૨૦૧૮ના રોજ શેર્સ ધરાવતી હોય તો તેઓએ helpdesk.evoting@cdslindia.com ને ઈ-મેઈલથી વિનંતી કરી યુઝર આઈડી તથા પાસવર્ડ પ્રાપ્ત કરવાના રહેશે. જો કે, એ વ્યક્તિ સીડીએસએલ સમક્ષ ઈ-વોટીંગ માટે અગાઉથી જ નોંધાયેલી હોય તો, તેઓ પોતાના એ જ યુઝર આઈડી અને પાસવર્ડના ઉપયોગ થી પોતાનો મત આપી શકે છે. કૃપયા નોંધ લેશો કે કટ-ઓફ તારીખના રોજ ડીપોઝીટરીઝ દ્વારા બેનિફિશિયલ માલિકોના રજીસ્ટરમાં અથવા તો સભ્યોના રજીસ્ટરમાં જેમના નામ નોંધાયેલા હશે તેવી વ્યક્તિઓને જ રીમોટ ઈ-વોટીંગ કે એજીએમના સ્થળે મત આપવાનો અધિકાર રહેશે.

રીમોટ ઈ-વોટીંગના સમયગાળાની શરૂઆત શુક્રવાર, ૩જી ઓગસ્ટ, ૨૦૧૮ (સવારે ૯:૦૦) થી થશે અને સોમવાર, ૬ઠ્ઠી ઓગસ્ટ, ૨૦૧૮ના રોજ (સાંજે ૫:૦૦) એ પુરો થશે. આ સમયગાળા દરમિયાન, કટ-ઓફ તારીખે, એટલે કે ૩૧મી જુલાઇ, ૨૦૧૮ના રોજ જે સભ્યો ફિઝિકલ સ્વરૂપે અથવા તો ડીમટીરિયલાઈઝડ સ્વરૂપે શેર્સ ધરાવતા હોય તેઓ જ એજીએમની નોટીસમાં દર્શાવ્યા મુજબની રીતે અને તે પ્રક્રિયાથી ઈલેક્ટ્રોનિકલી વોટ આપી શકશે. એ પછી રીમોટ ઈ-વોટીંગ મોડ્યુલ વોટીંગ માટે ડિસેબલ કરી દેવાશે. એકવાર સભ્યે કોઈ એક ઠરાવ ઉપર વોટ આપી દીધો, એ પછી વોટીંગમાં ફેરફાર કરવા દેવામાં નહીં આવે. સભ્યોએ રીમોટ ઈ-વોટીંગ દ્વારા પોતાના મતાધિકારનો ઉપયોગ કરી લીધો હોય તો પણ તેઓ એજીએમમાં ભાગ લઈ શકશે, પણ તેમને એજીએમમાં ફરીથી મતદાન કરવાની મંજુરી નહીં મળે. રીમોટ વોટીંગનો વિકલ્પ નહીં સ્વીકાર્યો હોય તેવા સભ્યોને એજીએમના સ્થળે વોટ આપવાની સુવિધા ઓફર કરાશે. કોઈપણ સભ્ય ફક્ત એક જ મોડથી વોટીંગ કરવાનો વિકલ્પ પસંદ કરી શકે છે, એટલે કે, રીમોટ ઈ-વોટીંગથી અથવા તો એજીએમના સ્થળે વોટ આપવાનો.

ઈ-વોટીંગ સંબંધી કોઈપણ પ્રશ્નો હોય, તો સભ્યો તે માટે www.evotingindia.com ઉપર હેલ્પ સેક્શનમાં (ફ્રીક્વન્ટલી આસ્ક્ડ ક્વેશ્ચન્સ - "FAQs" (અવારનવાર પૂછાતા પ્રશ્નો) અને ઈ-વોટીંગ મેન્યુઅલનો ઉપયોગ કરી શકે છે, અથવા ટોલ ફ્રી નંબર:- ૧૮૦૦-૨૦૦-૫૫૩૩ પર ફોન કરીને જાણકારી મેળવી શકે છે. ઇ-વોટીંગને લગતા કોઇ ફરિયાદ હોય તો, શ્રી રાકેશ દલવી, ડેપ્યુટી મેનેજર, મેરેથોન ફ્યુચ્યુરેક્ષ, ૨૫મો માળ, એન એમ જોષી માર્ગ, લોઅર પરેલ (પૂર્વ), મુંબઇ - ૪૦૦ ૦૧૩નો સંપર્ક, ઇ-મેઇલ: helpdesk.evoting@cdslindia.com પર અથવા ઉપરોક્ત ટોલ ફ્રી નંબર ઉપર કરી શકાશે.